(39)

તારીખ: 3-૯-२०१८ મંગળવાર. ખબર-ગુજરાત

# સ્પીનીંગ ઉદ્યોગના પ્રશ્નો અંગે વાણિજ્ય મંત્રીને રજુઆત

## સાંસદે જામનગર ચેમ્બરનાં પ્રતિનિધિઓને સાથે રાખી મંત્રીને સમસ્યાથી વાકેફ કર્યા



ખબર-જામનગર

જામનગર તથા સમગ્ર ગુજરાતના સ્પીનીંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા એકમો કે જેઓએ સરકારની ટેકસટાઇલ પોલીસી અંતર્ગત જી.એસ.ટી.ના અમલ પહેલા ઇ.પી.જી.સી.સ્કીમ હેઠળ ભારત બહારથી ડયુટી ફ્રી મશીનરી આયાત કરતા હતા. પરંતુ તા.૧/૭/૨૦૧૭ થી જી.એસ.ટી.નો અમલ શરૂ થતા સ્પીનીંગ ઉદ્યોગકારો તરફથી આયાત કરેલ મશીનરી ઉપર રીવર્સ ચાર્જથી આઇ.જી.એસ.ટી.ભરેલ હતો. આ નિયમ તા.૦૧/૦૭/૨૦૧૭ થી તા.૧૨/૧૦/૨૦૧૯ સુધી અમલમાં હતો ત્યારબાદ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)ના નોટીફીકેશન અનુસાર તા.૧૩/૧૦/૨૦૧૭ થી આયાતી મશીનરી ફરીથી ડ્યુટી ફ્રી જાહેર કરવામાં આવેલ હતી. આથી તા.૦૧/૦૭/૨૦૧૭ થી ૧૨/૧૦/૨૦૧૭ સુધી આવેલ મશીનરી ઉપર સમગ્ર ગુજરાતના સ્પીનીંગ ઉદ્યોગકારોએ અંદાજે રૂ.૬૧ કરોડ જેટલો આઇ.જી.એસ.ટી. ભરવો પડેલ હતો. આ અંગે સ્પીનીંગ એસોસીએશન દ્વારા જામનગર ચેમ્બર ઓફ કોમર્સને સ્પીનીંગ ઉદ્યોગકારોએ ભરેલ આઇ.જી.એસ.ટી.નું રીફન્ડ મેળવવા રજુઆત કરેલ હતી. ઉપરોકત હકીકતોને ઘ્યાને લઇ જામનગર ચેમ્બર દ્વારા જામનગરના સંસદ સભ્ય પુનમબેન માડમ સમગ્ર બાબતથી વાકેફ કરી આ સમસ્યાનુ નિરાકરણ લાવવા રજુઆત કરેલ હતી. આ અંગે સંસદ સભ્ય પુનમબેન માડમ દ્વારા નવી દિલ્હી ખાતે સ્પીનીંગ એસોશીએશન પ્રતિનિધિઓ તથા જામનગર ચેમ્બરની સેન્ટ્રલ જી.એસ.ટી.પેનલના ચેરમેન ભરતભાઇ ઓઝાને સાથે રાખી ભારત સરકારના ઉદ્યોગ અને વાણીજ્ય મંત્રી પિયુષ ગોયલની રૂબરૂ મુલાકાત લઇ સમગ્ર હકીકત જણાવેલ હતી. આ તકે મંત્રી પિયુષ ગોયલે આ બાબત સ્વિકારી અને આના રીફન્ડના નિરાકરણ માટે ભારત સરકારના રેવન્યુ સેક્રેટરીની મુલાકાત કરાવી આ મુદ્દે ઘટતુ કરવા જણાવેલ હતુ. આ તકે સંસદ સભ્ય પુનમબેન માડમે જણાવેલ કે જો આ પ્રશ્નનુ નિરાકરણ નહી આવે તો તેઓ ભારત સરકારના નાણામંત્રી નિર્મલાબેન સિતારમનને પણ રજુઆત કરવા ખાત્રી આપેલ હતી. આમ જામનગર ચેમ્બરની રજુઆત તથા સંસદ સભ્ય પુનમબેન માડમના પ્રયાસોથી સ્પીનીંગ ઉદ્યોગકારોના રોકાયેલ આઇ.જી.એસ.ટી.ના રીફન્ડના પ્રશ્નનુ નિરાકરણ આવશે તેવી આશા છે.